ગાંધીનગર સમાચાર
તા. ૧૧-૧-૨૦૧૪, શનિવાર

## તંત્રી સ્થાનેથી....

### ગુજરાતી મહિલાનો 'અવાજ' અને ઉર્દૂ સાહિત્યનો મિજાજ શાંત થઈ ગયો

ચારુમતી યોદ્ધા જેવાં ઝુઝારુ અને વસુબહેન જેવાં વિદુષી વ્યવસાયે અંગ્રેજીનાં પ્રાધ્યાપક ઈલા પાઠકના અવસાનથી ગુજરાતી મહિલાજગતને ક્યારેય ન પુરાય એવી ખોટ પડી છે. પ્રોફેસરી કરતાં કરતાં ક્યારે કર્મશીલ બની ગયાં, એનો તો ખુદ ઈલાબહેનને પણ અંદાજ નહીં હોય. નામજોગ બીજાં ખુદ ઈલાબહેન (ભટ્ટ)ની સરખામણીમાં એ ઓછાં જાણીતાં હતાં, વળી એમણે પુરસ્કૃત થવાની - પોંખાવાની પળોજણમાં પડવું પણ પસંદ નહીં કર્યું, પરંતુ એમનું કામ તો સતત બોલતું જ રહ્યું. એમણે સ્થાપેલી 'અવાજ' સંસ્થા કર્મશીલ મહિલાઓ માટે એક નમૂનારૂપ મોડેલ સંસ્થા બની રહી, જેના માધ્યમથી સ્ત્રીની અસ્મિતા અને ગરિમા નિરંતર ગુંજતી રહી છે. સમાજના સર્વહારા-વંચિત વર્ગો માટે સતત લડત ચલાવનારાં ઈલા પાઠકે અખબારોમાં સ્ત્રી સમસ્યાઓ અને સશક્તીકરણ મુદ્દે ઉદ્દેશપૂર્ણ કટારલેખન પણ કર્યું હતું. અમરસિંહ ચૌધરીની સરકારમાં તેઓ રાજયની મહિલા સુરક્ષા સમિતિમાં પણ સક્રિય હતાં. પરંતુ તેઓ કોઈ રાજકીય પક્ષ સાથએ જોડાવાને બદલે સ્વતંત્રપણે કામ કરવામાં માનતાં હોઈ એમની પ્રતિભાનો વિશેષ વિનિયોગ ન થઈ શકયો, તે ગુજરાતની અને વિશેષે મહિલા જગતની કમનસીબી જ ગણાય. અમદાવાદની ખ્યાતનામ એચ.કે. આર્ટસ કોલેજમાંથી અંગ્રેજીનાં અધ્યાપક તરીકે નિવૃત્ત થયા પછી ઈલાબહેન અનેક વિચારપત્રોમાં કલમ ચલાવતાં રહ્યાં હતાં. એમનાં આવાં લખાણો અને જે પ્રજાકીય ચળવળોમાં એમણે ઊલટભેર ભાગ લીધો હતો એનું દસ્તાવેજી આલેખન થાય તે જરૂરી છે. ગુજરાતી મહિલાઓ વિશેના પ્રસ્થાપિત ખ્યાલોથી તદ્દન જુદું, મૂઠી ઊંચેરું સ્વસ્થ વિચારશીલ અને સામાજિક ન્યાયક્ષેત્ર સતત યુદ્ધરત એવું વ્યક્તિત્વ વિલાઈ જતાં ગુજરાત રાંક બન્યું છે. એવી જ મોટી ખોટ ડો. વારિસ અલવીના નિધનથી ગુજરાતી અને ઉર્દૂ સાહિત્ય ક્ષેત્રે પડી છે. ગઝલના ભીષ્મપિતામહ ગણાયેલા વલી ગુજરાતીના આ વંશજ ઉર્દૂ સાહિત્યક્ષેત્રે ઊંચી નામના ધરાવતા હતા. ગુજરાતી સાહિત્યમાં એમનું નાટ્યક્ષેત્રે નોંધપાત્ર પ્રદાન રહ્યું છે. આવાં અગિયાર નાટકો ઉપરાંત એમણે ઉર્દૂમાં વિવેચનગ્રંથો આપ્યા છે. સેન્ટ ઝેવિયર્સ કોલેજના નિવૃત્ત અંગ્રેજી સાહિત્યના પ્રોફેસર અને ઉર્દૂસાહિત્ય અકાદમીના પૂર્વ અધ્યક્ષ ડો. વારિસ અલવીને ગુજરાત સાહિત્ય અકાદમીનો ગૌરવ પુરુસ્કાર પણ પ્રાપ્ત થયો હતો. દિલ્હીના ગાલિબ એવોર્ડથી નવાજાયેલ આ વરિષ્ઠ સર્જક-વિવેચક ઉર્દૂ સાહિત્યક્ષેત્રે વડલા સમાન ગણાતા રહ્યા છે. બેઉ હસ્તીઓનો સર્વહારા-વંચિત-શોષિત સમુદાય પ્રત્યેનો અભિગમ સમાન રહ્યો છે. એમના ધર્મનિરપેક્ષ વ્યક્તિત્વને કારણે બેઉનો સમાજમાં સર્વક્ષેત્રે વ્યાપક પ્રમાણમાં સ્વીકાર પણ થયો. આ બેઉ હસ્તીઓની વિદાયથી ગુજરાતનું સાંસ્કૃતિ- સાહિત્યિક જગત ભારે અજંપો અનુભવી રહ્યું છે. દિવંગત આત્માઓને પરમાત્મા શાંતિ બક્ષે, એ જ અભ્યર્થના.

## આદર્શ નિવાસી શાળાની વિદ્યાર્થિનીઓએ ૧૦૫ મોડલ બનાવી પ્રદર્શન રજુ કર્યું



ગાંધીનગર, તા. ૧૦

અત્યારના વિદ્યાર્થીઓ ગણિત-વિજ્ઞાનમાં રસ ઓછો રાખે છે, અને સોશ્યલ મિડિયામાં ધ્યાન વધારે રાખે છે. ત્યારે બાળકોની અભ્યાસ પ્રત્યેની રૂચિ કેળવાય તે હેતુસર આદર્શ નિવાસી શાળા સે. ૧૩ અ.જા.કન્યાનું વાર્ષિક ગણિત-વિજ્ઞાન પ્રદર્શન યોજવામાં આવ્યું હતું.

શહેરમાં સે. ૧૩માં આવેલી આદર્શ નિવાસી શાળા ખાતે ગણિત-વિજ્ઞાન પ્રદર્શન યોજાયું હતું. વિદ્યાર્થીઓ ગણિત અને વિજ્ઞાન જેવા અઘરા વિષયને તેનાથી દૂર રહેતા હોય છે. ત્યારે શાળાની તમામ વિદ્યાર્થિનીઓ દ્વારા ૧૦૫ મોડલ બનાવવામાં આવ્યા હતા.

વિદ્યાર્થિનીઓએ ઓટોમેટીક સ્ટ્રીટલાઈટ, સમુદ્રના પ્રવાહોમાંથી ઉર્જા, દોડતા ઘોડા, પાયથા ગોરસનું મોડલ, ગુણ પ્રતિબિંબ, જાદુઈ પેટી, વરસાદી પાણીનો સંગ્રહ, સૂર્યમંડળ અને વર્તુળનો પરિચય આપતું મોડલ, ગ્રેવીટીવ ટાવર, યાંત્રિક ઉર્જાનું વિદ્યુત ઉર્જામાં રૂપાંતર સહિત વિવિધ મોડલ બનાવ્યા હતા.

કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે એડીશનલ સેક્રેટરી વાગ્મીનભાઈ બૂચ ઉપસ્થિત રહી બાળાઓને સર્વાંગી વ્યક્તિત્વ વિકાસ સધાય અને સમય સાથે તાલ મિલાવવો જોઈએ અને અંધકારથી દૂર રહેવું જોઈએ તેમ જણાવ્યું હતું.

કાર્યક્રમમાં શાળા ખાતે યોજાયેલ રમતોત્સવના વિજેતાઓને ઈનામ આપવામાં આવ્યા હતા. આ પ્રસંગે શાળા આચાર્યા કુસુમબોન ચૌહાણ, સુરેશભાઈ પટેલ, વી.સી. ઉપાધ્યાય, રંજન ગુપ્તા, એમ.કે. ગોસાઈ તેમજ સ્ટાફ ઉપસ્થિત રહી જરૂરી માર્ગદર્શન પુરૂ પાડ્યું હતું.

## અમદાવાદમાં આજે દરિયાપાર ગુજરાતી ભાષા-સંસ્કૃતિના જતન માટે કાર્યરત સર્જકોનું અભિવાદન કરાશે

અમદાવાદ, તા. ૧૦

દરિયાપર વિદેશની ધરતી પર પણ ગુજરાતી ભાષા અને ગુજરાતી સંસ્કૃતિના જતન અને સંવર્ધન માટે કાર્યરત સારસ્વતો અને કર્મશીલોનું અભિવાદન કરવાનો કાર્યક્રમ આવતીકાલે સવારે ૧૦થી ૧૨ વાગ્યા દરમ્યાન ગુજરાતી સાહિત્ય પરિષદના ગોવર્ધન ભવન ખાતે યોજવામાં આવ્યો છે.

અત્યારના સમયમાં જ્યાં ગુજરાતની પોતાની ભૂમિ પર જ્યાં ગુજરાતી ભાષા અને સંસ્કૃતિ અંગે વિવિધ સાહિત્યકારો અને ભાષાવિદો ચિંતા કરી સઘન પ્રયત્નો કરી રહ્યા છે ત્યારે દરિયાપર વિદેશમાં વસી રહેલા ગ્લોબલ ગુજરાતીઓમાં ભાષા અને સંસ્કૃતિના જતન અને સંવર્ધન માટે અનેક સર્જકો તેમના સર્જન અને આયોજન દ્વારા મા ગુર્જરીની વંદના કરાઈ રહી છે. આવા મુર્ધન્ય સારસ્વતો અને કર્મશીલોનું અભિવાદન કરવાનો કાર્યક્રમ આરએએ પોઝીટીવ મીડીયા દ્વારા જાણીતા સંપાદક અને સર્જક રમેશ તન્ના, હેમંત શાહ અને અનિતા તન્ના દ્વારા આ આયોજન કરવામાં આવ્યું છે.

આ કાર્યક્રમમાં ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખ ધીરૂભાઈ પરીખ સમારંભના પ્રમુખ પદે બિરાજમાન થશે. આ ઉપરાંત સરદાર પટેલ એજ્યુકેશન ટ્રસ્ટના પ્રમુખ ભીખુભાઈ પટેલ અતિથિ વિશેષ તેમજ કવિ હર્ષ બ્રહ્મભટ્ટ અને ગુજરાતી લિટરરી એકેડમી ઓફ નોર્થ અમેરિકાના પ્રમુખ રામ ગઢવી સમારંભના મહેમાન પદે ઉપસ્થિત રહેશે. આ કાર્યક્રમમાં જે સારસ્વતો અને કર્મશીલોનું અભિવાદન કરવામાં આવનાર છે તેમાં રતિલાલ ચંદરવા જેમનું મરણોત્તર સન્માન કરવામાં આવશે તેમજ મધુરાય, પ્રીતિ સેનગુપ્તા, પ્રિતમ લખલાણી, જય ગજ્જર, સુનિલ નાયક, જગદીશ વ્યાસ અને કૌશિક અમીનનું પણ અભિવાદન કરવામાં આવશે.

## ગાંધી મિત્રવર્તુળ દ્વારા ગાંધી જીવનદર્શન વિષે વાર્તાલાપ યોજાશે

ગાંધીનગર, તા. ૧૦

ગાંધી મિત્રવર્તુળ ગાંધીનગરના ઉપક્રમે આજે તા. ૧૧-૧-૨૦૧૪ શનિવારે સવારે ૧૦.૦૦ કલાકે માતંગી વિદ્યાલય, સેક્ટર-૨૫ ખાતે સંસ્થાના સંયોજક અને સાહિત્યકાર ભાનુપ્રસાદ પુરાણી 'ગાંધી જીવનદર્શન' વિષે વાર્તાલાપ આપશે.

સંસ્થાના દરેક વિદ્યાર્થીને ગાંધીજીની આત્મકથા ભેટ આપવામાં આવશે. સર્વ ગાંધી મિત્રોને ઉપસ્થિત રહેવા હાર્દિક નિમંત્રણ છે.

## સે. ૨૧ પુસ્તકાલય જુના સામાયિકોનું વેચાણ કરશે

ગાંધીનગર, તા. ૧૦

સરકારી પુસ્તકાલય સેક્ટર-૨૧ ખાતે આજરોજ શનિવાર, સવારે ૯.૦૦થી ૧૨.૦૦ કલાક દરમ્યાન જુના સામાયિકોનું વેચાણ કરવામાં આવશે. જિલ્લા પુસ્તકાલય ખાતેથી સાહિત્યીક નાટકો, વાર્તાઓ સહિત જુના પુરાણા પુસ્તકોના રસિકો માટે વેચાણ કરવામાં આવશે જેનો રસ ધરાવતા પુસ્તક પ્રેમીઓએ મુલાકાત લેવા જિલ્લા ગ્રંથપાલ દ્વારા જણાવ્યું છે.

## ઉમા આર્ટસ અને નાથીબા કોમર્સ મહિલા કોલેજમાં વિવિધ ડેઝની ઉજવણી કરાઈ

વિદ્યાર્થીઓ અભ્યાસની સાથે સાથે ઈતર પ્રવૃત્તિઓ વડે વિકાસશીલ અભિગમ કેળવે એ અંગે સે-૨૩માં કડી કેમ્પસમાં આવેલ ઉમા આર્ટસ અને નાથીબા કોમર્સ મહિલા કોલેજમાં વિવિધ ડેઝની ઉજવણી કરવામાં આવી હતી. તા. ૩જી જાન્યુઆરીથી ૯મી જાન્યુઆરી સુધી ચાલેલ આ ઉજવણીમાં સાડી તથા ટ્રેડીશનલ ડે, પર્યાવરણ ડે, વાનગી ડે, ફાયનાન્સીયલ પ્લાનીંગ ડે, સ્પોર્ટસ ડે અને ડોનેશન ડે જેવા જ્ઞાનલક્ષી, મનોરંજન લક્ષી અને વિકાસ લક્ષી ડે ઉજવાયા હતા.

## હરિની દૃષ્ટિ...




*વર્તમાન રાજકારણમાં હજુ સુધી બે ટોપી હતી, એક ખાદીની બીજી લખાણ વાળી અને, હવે, તમારા સીલેબસમાં એક વધવાની છે...!!*

## ટ્રાફિક કોન્સ્ટેબલ અશોકકુમારે ૧ સિલ્વર, ૧ ગોલ્ડ અને ૩ બ્રોન્ઝ મેડલ મેળવી જિલ્લા પોલીસનું ગૌરવ વધાર્યું

ગાંધીનગર, તા. ૧૦



પોરબંદર ખાતે યોજાયેલ ઓપન ગુજરાત સમુદ્ર તરણ સ્પર્ધામાં ગાંધીનગર જિલ્લા ટ્રાફિક શાખામાં હેડ કોન્સ્ટેબલ તરીકે ફરજ બજાવતા અને હામિસા ગામના વતની એવા અશોકકુમાર રાઠોડે સમુદ્ર તરણ સ્પર્ધામાં ૧૫૦૦ મીટર અને ૫૦૦ મીટરમાં બીજો નંબર મેળવી જિલ્લા પોલીસનું નામ રોશન કર્યું છે.

શ્રી રાઠોડ અગાઉ આસામ ખાતે યોજાયેલ ૬૧મી ઓલ ઈન્ડિયા પોલીસ ગેમ્સ અને જયપુર ખાતે યોજાયેલ ઓલ ઈન્ડિયા કુસ્તી સ્પર્ધામાં ભાગ લઈ મેડલ મેળવ્યો હતો. તેમજ ગુજરાત સરકાર દ્વારા આયોજિત સ્વીમીંગ સ્પર્ધામાં ૧૦૦ મીટર, ૨૦૦ મીટર, ૪૦૦ મીટર સ્પર્ધામાં ૧ સિલ્વર, ૧ ગોલ્ડ અને ૩ બ્રોન્ઝ મેળવી રૂ. ૩૨,૦૦૦નો રોકડ પુરસ્કાર અને પ્રમાણપત્ર મેળવી હાલીસા ગામ અને ગાંધીનગર જિલ્લા પોલીસનું ગૌરવ વધાર્યું છે.

## કડી કેમ્પસમાં દાસકાકા યુવક મહોત્સવનું સમાપન

ગાંધીનગર, તા. ૧૦

કડી કેમ્પસ ખાતે આવેલી શ્રીમતી આર.જી. પટેલ કન્યા શાળામાં પૂજ્ય દાસકાકા યુવક મહોત્સવ યોજવામાં આવ્યો હતો. જેમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓએ ભાગ લઈ વિવિધ રોલ ભજવ્યા હતા.

સેક્ટર-૨૩માં શિક્ષણનું ધામ બનેલી આર.જી. પટેલ કન્યા શાળામાં પૂજ્ય દાસકાકા યુવક મહોત્સવ યોજવામાં આવ્યો હતો. કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે ગુજરાત મહિલા નિગમના પ્રતિનિધિ ઝંખનાબેન ત્રિવેદી ઉપસ્થિત રહી વિદ્યાર્થિનીઓની કલાકૃતિઓ નિહાળી હતી.

યુવક મહોત્સવમાં લોકગીતો, બૂગી બૂગી, એક મિનિટ કાર્યક્રમ, બેટી બચાવો, સભા સંબોધન અને રાજકીય નેતાઓ બની રોલ અદા કર્યો હતો. જેમાં સ્ટે શો કાર્યક્રમને પ્રથમ, અંધશ્રદ્ધા નિવારણ કાર્યક્રમે બીજો અને બેટી બચાવો કાર્ય્કમને ત્રીજો નંબર મેળવ્યો હતો.

કાર્યક્રમ દરમ્યાન મનીષા ભરવાડે નરેન્દ્ર મોદી, ઉર્જા સાહ, અરવિંદ કેજરીવાલનો રોલ ભજવ્યો હતો. તેમજ બૂગી-બૂગી સ્પર્ધામાં પ્રિયંકા પરમાર, જેની વૈષ્ણવ, લોકગીતમાં ભાર્ગવી પ્રજાપતિ, પ્રેરણા પ્રજાપતિ સહિત વિવિધ સ્પર્ધામાં વિદ્યાર્થીનીઓ વિજેતા થઈ હતી.

## દરિયાપારના ગુજરાતીઓને સેલ્યુટ ઈન્ડિયા એવોર્ડ એનાયત થશે

દરિયા પાર વસતા અને ગુજરાતનું ઋણ અદા કરતા ગુજરાતીઓને સેલ્યુટ ઈન્ડિયા એવોર્ડ અમદાવાદ મેનેજમેન્ટ એસોસિએશનના જે.બી. ઓડિટોરીયમમાં તા. ૧૨ જાન્યુઆરી રવિવાર સવારે ૧૦ કલાકે એનાયત કરવામાં આવશે.

કાર્યક્રમમાં સેવા સંસ્થાના સ્થાપક ઈલાબેન ભટ્ટ ઉપસ્થિત રહેશે. એન.આર.આઈ. એવોર્ડ ગણપતભાઈ પટેલ, ડૉ. અશોક પટેલ, પ્રિતીસેન ગુપ્તા, નવટર ભાવસાર, જય ગજ્જર, ભારતીબેન મહેતા, રમેશ શુકલ, રમેશ વિરાણી તેમજ ૮૮ વર્ષના સુર્યકાન્ત પરીખ અને ૨૩ વર્ષીય કુંજન પાનસુરિયા તેમજ હેમલ પટેલને સેલ્યુટ ઈન્ડિયા કોર્પોરેટ એવોર્ડ એનાયત કરવામાં આવશે.

# હમણાં જ પેલી ચાર વિધાનસભાઓની ચૂંટણીઓમાં દિલ્હીના પરિણામોએ મોટા ખિસ્સાધારકોમાં ફફડાટ ફેલાવ્યો છે

**'ચાર ખિસ્સાનો માનવી'**
**ટેલિ રીઝન**
**- સમીર રામી**

સામાન્ય રીતે એક પેન્ટ-શર્ટ પહેરેલા માણસને એક શર્ટનું અને ત્રણ પેન્ટના એમ ચાર ખિસ્સાનો અવકાશ હોય છે. જો કોઈએ સફારી ધારણ કરી હોય તો તેમાં એક-બે ખિસ્સાનો વધારે લાભ મળી શકે છે પણ તે દરેકને માફક આવતી નથી અને ઘણા તેને માફક નથી આવતા હોતા. ખિસ્સુ એટલે કે ગજવું જેને આજકાલ પોકેટ કહેવાની ફેશન છે તે દરેક માણસની આન-બાન અને શાન માટે જવાબદાર છે. દરેકને પોતાનું ખિસ્સુ ભરેલું જ જોઈએ છે. ખુસ્સુ ભરેલું હોય તો સારું પણ તે ચોખ્ખું પણ હોવું જોઈએ. તેવું માનતા અમારા જોરૂભા એક દિવસે એક મોંઘી હોટલમાં જમ્યા પછઇ વોશબેઝીંનમાં જઈને ચમચી ધોવા લાગ્યા. અમે પૂછ્યું, 'અરે જોરૂ ભા આ તો હોટલવાળાનું કામ છે, તમે કેમ કરો છો' અરે નહીં, ધોઉં તો મારું ખિસ્સું ખરાબ થઈ જશે.'



આપણે ઘણીવાર એવું વાંચતાં હોઈએ છે કે ફલાણો એકટર તો મુંબઈમાં ખાલી ખિસ્સે આવ્યો હતો અને આજે હવે કરોડો કમાય છે. જ્યારે જ્યારે અમે આવું વાંચીએ કે સાંભળીયે ત્યારે અમને હૈયે ટાઢક થાય છે કે ખિસ્સા ભરાતા પહેલાં ખિસ્સા ખાલી હોવા અનિવાર્ય છે. ભરેલા ખિસ્સાની એક આગવી ચાલ હોય છે અને અલગ જ ગરમી પણ હોય છે. કેટલાક ભરેલા લાગતા ઉપસેલા ખિસ્સા ખાલી ખિસ્સા તરફ અણગમાની નજરે જોતા હોય છે. જો કે ખાલી ખિસ્સાની કિસ્મતમાં પણ બે હાથ તો હોય જ છે. અરે.. હા અત્યારે તો ખાલી ખિસ્સામાં પણ એક મોબાઈલ તો હોય જ છે. આ મોબાઈલ ફોનના લેટેસ્ટ મોડલ બહાર રહીને પણ ખિસ્સાની અંદરનું તાપમાન દર્શાવતાં હોય છે. હેસિયત વગરના ફાંકા મારતા લોકો ખાલી લોકો માટે એક કહેવત વપરાય છે.'ખિસ્સા ખાલી ને ભભકો ભારી'. આ અમારા જોરૂભાની વાત લઈ લો ને.., બપોરની રિશેષમાં સ્ટાફમિત્રો સાથે ચા પીવા નિકળે એટલે ચા વાળાને રૂઆબથી ઓર્ડર આપે પછી જ્યારે બીલ ચુકવવાનું આવે એટલે ખિસ્સામાંથી હજારની નોટ કાઢીને ચાવાળા સામે ધરે. ચાવાળો અપમાનિતભાવે પહેલા નોટ સામે અને પછી જોરૂભા સામે જોઈને કહે, 'સાહેબ છુટ્ટા આપોને..' એટલે બસ જોરૂભાનું કામ પત્યું. સ્ટાફમિત્રોમાંથી તરત જ કોઈ બોલે 'બાપુ તમે રહેવા દો, મારી પાસે છુટ્ટા છે.'

મોટેભાગે સામાન્ય માણસના ખિસ્સામાં કરિયાણાના બાકી બિલો હોય છે પણ આ અમેરિકાવાળા ઓબામાં ખિસ્સામાં ગણપતિનો ફોટો અને હનુમાનજીની મૂર્તિ રાખે છે તેવું સાંભળીને ભારતમાં હનુમાન ભક્તોની સંખ્યામાં ભારે વૃદ્ધિ થઈ ગઈ હતી. જો કે ઘણા દેશોની ફરિયાદ છે કે ઓબામા આખી દુનિયાને પોતાના ખિસ્સામાં રાખીને ફરે છે. એટલે જ તો જુઓને આપણા સલમાન ખુર્શીદ બિચારા હવે સંસદમાં 'આપ'ની જેમ કસમ તોડીને જ જઈ શકશે. તેમને તો એમ થતું હશે કે આ દેવયાની ખોરાબગડેએ તેના ખિસ્સામાંથી થોડા વધારે પૈસા પેલી 'સુનિતા બાઈ'ને આપ્યા હોત તો મારી આ દશા ના આવત. ઓબામાના આ અમેરિકનોના ખિસ્સા થોડા સમય પહેલા એટલા ખાલી થઈ ગયેલા કે 'સબપ્રાઈમ' નામનું સંકટ ઉભું થઈ ગયેલું. હવે તો બ્રિટનની સરકારે પણ પોતાના ખિસ્સા ભરવા માટે 'પાર્લામેન્ટ હાઉસ' જ લગ્નો માટે ભાડે આપવાનું નક્કી કરી દીધું છે. સારું છે કે આપણી સરકારને એક 'રબર સ્ટેમ્પ' પદ માટે વપરાતુ આપણું જાજરમાન રાષ્ટ્રપતિ ભવન 'આવા' કામો માટે ભાડે આપવાનું નથી સુઝ્યું, નહીંતર લગનના જમણવારમાં પાણીના કાઉન્ટરથી મુઘલ ગાર્ડનની શું હાલત થઈ જાય તે તો વિચારી જુઓ જરા...

હમણાં એક ટ્રક પાછળ એક સરસ વાક્ય લખેલું વાંચ્યું હતું, 'મૌત કભી રીશ્વત નહીં લેતી, ક્યું કી કફન મેં જેબ નહીં હોતી.' આવું લખી કદાચ આ ડ્રાઈવર તેના ડ્રાઈવીંગ બાબતે ચેતવણી આપીને છુટી જતો હશે. માણસ જન્મે ત્યારે પહેરાવાતા બાળોતિયાંમાં અને મૃત્યુ પામે ત્યારે ઓઢાડાટા કફનમાં ખિસ્સુ હોતું નથી આ વાત જણાવતા આપણા કથાકારો એટલા ગદ્‌ગદ થઈ જાય છે કે શ્રોતાઓ પહેલા અહોભાવથી અને પછી દાનથી તેમના ગજવા ફુલ કરી દે છે. કોઈ તમને ધમકી આપે તો એક કોમન ડાયલોગ છે તે, ઠાઠથી ફટકારી દેવાનો, 'ચલ જા હવે, તારા જેવા તો પચ્ચાસને હું મારા ખિસ્સામાં રાખું છું.' એ ક્યાં તમારું ખિસ્સું ચેક કરવાનો છે...

બસમાં ચઢતાં કે ઉતરતાં કે ટ્રેઈનની મુસાફરીમાં ખિસ્સું કપાવાનો અનુભવ દરેક અપડાઉનીયાને જીવનમાં એકવાર તો અચૂક થયો હોય છે. 'ખિસ્સા કાતરુંઓથી સાવધાન..' એવા પાટીયાં વાંચવા છતાં કેટલાક પરમાર્થીઓ ખિસ્સા કાતરુંઓની કેરીયર બને તે માટે પાછળના કિસ્સામાં જ 'પાકીટ' મુકે છે. પોકેટ ઉપરથી પાકીટ અને હવે 'વોલેટ'થી ઓળખાતા આ પર્સમાં લોકો પોતાની પત્ની કે પ્રેમીકાનો ફોટો જરૂર રાખતા હોય છે. જોરૂભાનું કહેવું છે કે, વોલેટમાં પત્નીનો ફોટો રાખવાથી પૈસા ખર્ચવામાં કરકસરતા આપે છે એનો ફોટો જોઈને જ મને મારા ઘડપણ માટે પૈસા બચાવવાની અગત્યતા સમજાય છે. કેટલાક લોકો એવું માને છે કે શર્ટના ઉપરના ખિસ્સામાં થોડા કાગળિયા અને પેન રાખવાથી તમારી છાપ સારી પડે છે. ઘણાં આંશિક ટાલ ધરાવતા લોકો આ ખિસ્સામાં કાંસકો પણ રાખીને હૈયા ધારણ મેળવે રાખે છે. આ પેન્ટના ડાબીબાજુના ખિસ્સામાં જ હાથરૂમાલ રાખવાનું બધ્ધાંએ કેમ નક્કી કર્યું છે તે મને હજુ સમજાયું નથી. બંને તરફના ખિસ્સાથી નાક તો એક સરખા અંતરે જ આવેલું હોય છે ને? પછી હાથના વહેલા-મોડા પહોંચવાનો તો પ્રશ્ન જ નથી આવતો ને? પેન્ટના જમણી બાજુના ખિસ્સામાં ચાવીઓ રાખવાની પ્રથા કદાચ જમોડી લોકોની બહુમતી જ હોવું જોઈએ અને પેન્ટના પાછળના ખિસ્સામાં વોલેટ રાખવું તેવો ખરડો કદાચ પહેલા પસાર થઈ ચૂક્યો હશે. મને તેની માહિતી ભલે નથી પણ પાછળના ખિસ્સામાંથી પાકિટ કાઢવા માટે વિવિધ સ્ટાઈલ મારવાનો ઘણો અવકાશ મળી રહે છે.

જયારે જયારે સંસદમાં બજેટ રજૂ થાય છે ત્યારે ત્યારે આ છાપાવાળા બીજા દિવસે નાણાંમંત્રીએ આમ આદમી સોરી સોરી' સામાન્ય માણસનું ખિસ્સું કેટલું હળવું થશે તેનું પૃથ્થકરણ છાપતા હોય છે. અમારા જોરૂભા તો એ છાપું વાંચીને સૌથી પહેલું કામ પોતાનું ખિસ્સું ચેક કરી લેવાનું કરે છે. જેને ખિસ્સા જ નથી હોતા તેવી લુંગીધારી નાણાંમંત્રીને ખિસ્સા ધારકો પ્રત્યે કોઈ દાઝ હોય તેવું નથી લાગતું? બધાના ખિસ્સાનો ભાર હળવો કરી આ બધો ભાર નાણાંમંત્રી કયા મુકતા હશે?

હમણાં જ પેલી ચાર વિધાનસભાઓની ચૂંટણીઓમાં દિલ્હીના પરિણામોએ મોટા ખિસ્સા ધારકોમાં ફફડાટ ફેલાવ્યો છે. ઘણા ઉપર કે નીચેની કમાણી કરતા 'ટેબલ ધારકો'માં રાતોરાત વૈરાગ્યભાવ પ્રગટ્યો છે. દેશમાં થોડા સમય પહેલા ગબડતાં રૂપિયાએ દેશના અબજોપતિઓના ખિસ્સામાં કાણું પાડી દીધેલું હવે એ જ ખિસ્સાઓમાં રહેલા સ્માર્ટફોનમાં મોદી સાહેબ એપ્લીકેશન સ્વરૂપે અવતર્યા છે. ટેકનોલોજીની પ્રગતિને કારણે ટીવી કે કોમ્પ્યુટર ખિસ્સામાં સમાઈ જવા લાગ્યા છે. આ મોબાઈલ હોય કે કોમ્પ્યુટર બાળકો જલ્દી શીખી લે છે, માટે કોઈએ કહ્યું છે કે, બાળપણને ખિસ્સામાં રાખો. આ બાળપણમાં ભલે આપણે હસતા દેખાતા નહોતા પણ ત્યારે સાચેસાચું હસતા હતા અને હવે જયારે હસતા દેખાઈએ છીએ ત્યારે તેની પાછળ અનેક લાભાર્થે ડોકીયાં કરતા હોય છે. આ લાભાર્થે ખિસ્સામાં સંતાડીને ઠાવકુ હસતા લોકોને કવિ મકરંદ દવે કહે છે ,

'ગમતું મળે તો અલ્યા, ગુંજેના ભરીએ,
ને ગમતાનો કરીએ ગુલાલ.'

- samirtalod@yahoo.com